આકાશવાણી, અમદાવાદ

04-06-2026 Midday: 2.30 to 2.35 pm

TUESDAY Regional News

## FUR. REV. PM - YOGASANA

અમદાવાદમાં આજથી પ્રથમ વિશ્વ યોગાસન ચેમ્પિયનશિપનો આરંભ થઈ રહ્યો છે. પાંચ દિવસની આ સ્પર્ધામાં અમેરિકા, જાપાન, નેધરલેન્ડ્સ, ઓમાન, મોરેશિયસ, યુગાન્ડા, ઝામ્બિયા, શ્રીલંકા, નેપાળ અને કેન્યા સહિત વિવિધ દેશોના રમતવીરો ભાગ લેશે. અમારા સંવાદદાતા અપર્ણા ખૂંટનો અહેવાલ

ઉલ્લેખનીય છે કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સાંજે 40 મિનિટે વિડીયો કોન્ફરન્સિંગ દ્વારા આ કાર્યક્રમમાં જોડાશે. સોશિયલ મીડિયા સંદેશમાં પ્રધાનમંત્રીએ કહ્યું કે યોગ વિશ્વભરમાં ઝડપથી લોકપ્રિયતા મેળવી રહ્યો છે. આ સ્પર્ધાએ વિશ્વભરના યોગ ઉત્સાહીઓને એકસાથે લાવ્યા છે. તેમણે આ કાર્યક્રમને યોગની વૈશ્વિક રમતના વિકાસમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ ગણાવ્યો અને આયોજકો અને સહભાગીઓને અભિનંદન આપ્યા.

## PM - GUJARAT AND DAMAN

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે ગુજરાત અને કેન્દ્ર શાસિત પ્રદેશ દમણનના પ્રવાસે આવશે.તેઓ સુરતમાં માર્ગ,ઉર્જા અને ઔદ્યોગિક ક્ષેત્રોમાં 18 હજાર 800 કરોડ રૂપિયાથી વધુના અનેક વિકાસ પરિયોજનાનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે.

શ્રી મોદી સુરતમાં 200 પથારીવાળી ESIC હોસ્પિટલનું પણ લોકાર્પણ કરશે, પ્રધાનમંત્રી દહેજ પેટ્રોલિયમ ખાતે આધુનિક વીજ વિતરણ અપગ્રેડ, અદ્યતન ગંદા પાણીના નિકાલ અને સારવાર માળખા સહિત ગુજરાત સરકારની અનેક મહત્વપૂર્ણ પરિયોજનાઓનું પણ ઉદ્‌ઘાટન કરશે.

સાંજે, પ્રધાનમંત્રી મોદી દમણ પહોંચશે અને લગભગ બે હજાર 970 કરોડ રૂપિયાના વિકાસ પરિયોજનાનું ખાતમુહૂર્ત કરશે. તેના આરોગ્યસંભાળ, નાગરિક ઉડ્ડયન, પર્યટન, માળખાગત સુવિધા, કનેક્ટિવિટી અને જાહેર કલ્યાણ સહિત વિવિધ ક્ષેત્રોને આવરી લે છે. પ્રધાનમંત્રી લગભગ એક હજાર 340 કરોડ રૂપિયાના પરિયોજના રાષ્ટ્રને સમર્પિત કરશે, જેમાં NAMO એરપોર્ટ અને NAMO હોસ્પિટલનું નવું ટર્મિનલ બિલ્ડિંગનો સમાવેશ થાય છે. નવું વિમાનમથક ટર્મિનલ પ્રાદેશિક હવાઈ જોડાણમાં નોંધપાત્ર વધારો કરશે અને પ્રદેશમાં આર્થિક વિકાસને સરળ બનાવશે.

## SANGHAVI EXPO MEETING

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ વર્ચ્યૂઅલ માધ્યમથી ગાંધીનગરમાં ગ્રિન્સ 2026 ગ્લોબલ રિસાયકલિંગ અને વેસ્ટ મેનેજમેન્ટ ઍક્સ્પો અને સમિટનો પ્રારંભ કરાવ્યો. આ સંમેલનમાં નીતિનિર્માતાઓ, ઉદ્યોગ નેતાઓ, નવિનતાવાદીઓ અને વિવિધ નિષ્ણાતો કચરાના વ્યવસ્થાપન સહિતના મુદ્દા પર ચર્ચા કરશે. આ અંગે ગુજરાત વેપાર અને ઉદ્યોગ મહામંડળ GCCIના પ્રમુખ સંદીપ એન્જિનિયરે વધુ માહિતી આપી.

## ‘OPERATION DELTA HUNT’

રાજ્યમાં ગત 24 કલાકમાં 424 બાંગ્લાદેશના નાગરિકોની ધરપકડ કરવામાં આવી નાયબ મુખ્ય મંત્રી હર્ષ સંઘવીએ સોશિયલ મીડિયા સંદેશમાં આ અંગે માહિતી આપતા કહ્યું રાજ્ય પોલીસનો સંદેશ સ્પસ્ટ છે કે ગેરકાયદે ગુસણખોરીનો એક જ  જવાબ.

ભાવનગરમાં  એલસીબી તથા સ્થાનિક પોલીસે વિવિધ વિસ્તારોમાં સયુક્ત તપાસ કરીને અત્યાર સુધીમાં કુલ 25 જેટલા શંકાસ્પદ લોકોની અટકાયત કરી.  તપાસ અંતે આમાંથી એક પણ વ્યક્તિ બાંગ્લાદેશી ઘૂસણખોર ન હોવાનું જણાયું હતું.

## DHOLERA-"DRUM PLANTATION"

દેશમાં સેમિકંડક્ટર કેન્દ્ર તરીકે ઉભરતા ધોલેરાની ખારાશવાળી જમીન પર રાજ્ય વન વિભાગે “ડ્રમ પ્લાન્ટેશન” પદ્ધતિથી 3 હજાર 200થી વધુ વૃક્ષોનું વાવેતર કર્યું છે.વન વિભાગના અધિકારીઓના જણાવ્યા મુજબ, ઓગસ્ટ 2025માં 15 પ્રકારના રોપા વાવવામાં આવ્યા હતા. એક વર્ષથી પણ ઓછા સમયમાં ઘણા રોપાઓ 12 ફૂટ સુધી ઊંચા થઈ ગયા છે,

જે આ વિસ્તાર માટે નોંધપાત્ર સિદ્દિ્ધ છે. આ પ્રોજેક્ટને ધોલેરા વિશેષ રોકાણ વિભાગ વિકાસ સતામંડળ  દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવ્યું છે.

અત્યંત ખારાશ ધરાવતી જમીન અને કઠિન આબોહવામાં, જ્યાં કુદરતી રીતે ઘાંસ પણ ઉગી શકતું નથી, ત્યાં આ પહેલની સફળતા વિશેષ મહત્વ ધરાવે છે.

## GUJCET

ગુજરાત માધ્યમિક ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલી ધોરણ 12 સાયન્સ, ગુજકેટ પરીક્ષામાં જે વિદ્યાર્થીઓએ પરિણામ બાદ ઓએમઆર શીટ અને વેરિફિકેશન રિપોર્ટ મેળવવા માટે અરજી કરી હતી.

તેવા વિદ્યાર્થીઓ 13 જૂન સુધી બોર્ડની વેબસાઈટ www.gseb.org અથવા ગુજકેટ.gseb.org પરથી તેમની ઓએમઆર શીટ અને વેરિફિકેશન રિપોર્ટ ઓનલાઈન ડાઉનલોડ કરી શકાશે. OMR COPY અને વેરિફિકેશન રિપોર્ટ ફક્ત ઓનલાઈન માધ્યમથી જ ડાઉનલોડ કરવાના રહેશે. શાળા કે વિદ્યાર્થીઓને ટપાલ દ્વારા કોઈ પણ જવાબ કે નકલ મોકલવાની પદ્ધતિ અમલમાં નથી તેમ શિક્ષણ બોર્ડ દ્વારા જણાવાયું છે

## MAHISAGAR – MOBILE APPLICATIONS

હવામાન વિભાગ દ્વારા કુદરતી આપત્તિઓની સચોટ તેમજ સમયસર માહિતી મળી રહે તે હેતુથી 'સચેત', 'મોસમ' અને 'દામિની' નામની ત્રણ વિશેષ મોબાઈલ એપ્લિકેશન્સ તૈયાર કરવામાં આવી છે. મહીસાગર જિલ્લાના નાગરિકોને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આ એપ્લિકેશનનો વ્યાપક ઉપયોગ કરવા જણાવવામાં આવ્યું છે.

આ એપ્લિકેશન્સ દ્વારા લોકોને હવામાનની સ્થિતિ અને આવનાર આપત્તિ અંગે જાગૃત કરવામાં આવશે.ખાસ કરીને એપ્લિકેશનમાં નોટિફિકેશન ચાલુ રાખવા જણાવાયું છે. સાચી માહિતી અને સમયસરની ચેતવણી જ સુરક્ષિત જીવનનો આધાર હોવાથી વહીવટી તંત્ર દ્વારા આ ટેકનોલોજીનો મહત્તમ લાભ લેવા અનુરોધ કરાયો છે.